રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૨૪૧૩૩, ફેક્સ : ૦૨૮૧-૨૨૨૪૨૫૮

## અંક નં.૧૮ની હાઈલાઈટ્સ

- પાંચમાં તબક્કામાં સેવા સેતુ કાર્યક્રમ તા.૧૮-૧૦-૧૯ના રોજ વોર્ડ નં.૩, ૫, ૮ માં
- કેન્દ્રના મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સના જોઈન્ટ સેક્રેટરીશ્રી અમૃત અભિજાત લાઈટ હાઉસ પ્રોજેક્ટ માટેના સ્થળની મુલાકાતે
- દિવાળી કાર્નિવલ રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચાના માન. પ્રભારી શ્રી અંજલિબેન રૂપાણીના વરદ્ હસ્તે શુભારંભ
- દિવાળીની પૂર્વ સંધ્યાએ આતશબાજી

ઈ-ન્યુઝલેટર

ઓક્ટોબર-૨૦૧૯

# સ્માર્ટ રાજકોટ



# ૨૧૭૬ આવાસો અને શોપિંગ સેન્ટરનું રાજયના માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે લોકાર્પણ

## રાજકોટ મહાનગરપાલિકા તથા રૂડાના રૂા.૨૨૯ કરોડના વિવિધ પ્રોજેક્ટનું તા.૦૮-૧૦-૨૦૧૯ના રોજ વિજયા દશમીના શુભ દિને લોકાર્પણ-ખાતમુહૂર્ત

રાજકોટ મહાનગરપાલિકા તથા રાજકોટ શહેરી વિકાસ મંડળ સત્તામંડળ દ્વારા તા.૮–૧૦–૨૦૧૯ વિજયાદશમીના શુભ દિને રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે રૂા.૨૨૯ કરોડના જુદા જુદા વિવિધ પ્રોજેક્ટનું લોકાર્પણ–ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને મેયરશ્રી બીનાબેન આચાર્ય ઉપસ્થિત રહેલ. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રાજકોટ મહાનગરપાલિકા નિર્મિત આવાસ યોજનાઓ સ્માર્ટ ઘર ૧–૨ અને ૩ને અનુક્રમે શ્રી રામ આવાસ યોજના, શ્રી સીતા આવાસ યોજના અને શ્રી લક્ષ્મણ આવાસ યોજના નામકરણની માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જાહેરાત કરી હતી.

આ પ્રસંગે સાંસદશ્રી મોહનભાઈ કુંડારીયા, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ ચેરમેન શ્રી ધનસુખભાઈ ભંડેરી, પ્રદેશ ભાજપ અગ્રણી શ્રી નીતિનભાઈ ભારદ્વાજ, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, શહેર ભાજપ મહિલા મોરચા પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણી, શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી ભીખાભાઈ વસોયા, અનુસુચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા, ડે. મેયર અશ્વિનભાઈ મોલીયા, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ, કલેકટરશ્રી રેમ્યા મોહન, પોલીસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ, પૂર્વ મેયરશ્રી ડૉ. જૈમનભાઈ ઉપાધ્યાય, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમાર, શાસક પક્ષ પૂર્વ નેતાશ્રી રાજુભાઈ બોરીચા, મહામંત્રી શ્રી દેવાંગભાઈ માંકડ, શ્રી કિશોરભાઈ રાઠોડ, બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મનિષભાઈ રાડીયા, હાઉસિંગ કમિટી ચેરમેનશ્રી જયાબેન ડાંગર તથા જુદી જુદી કમિટીના ચેરમેન, કોર્પોરેટરો, આવાસના લાભાર્થીઓ, શહેરીજનો વિગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવેલ કે, સૌ પ્રથમ આજરોજ ઉપસ્થિત તમામ શહેરીજનોને વિજયાદશમીના શુભ પર્વની શુભેચ્છા પાઠવેલ તેમજ હિન્દુ સંસ્કૃતિના આ દિવસનું ઘણું મહત્વ છે. તેઓએ જણાવેલ કે, વિજયનો દિવસ એટલે આશુરી શક્તિનો નાશ અને દેવી શક્તિનો વિજય. માન. મુખ્યમંત્રીએ આ આવાસ યોજનાને શ્રી રામ, લક્ષ્મણ અને સીતા આવાસ યોજના નામકરણની જાહેરાત કરેલ. આજે ડ્રો દ્વારા જે લોકોને આવાસો મળવાના છે. તેઓને શુભકામના પાઠવેલ. ભાડે રહેતા, ઝૂપડપટ્ટીમાં રહેતા અને ગરીબ લોકોને અનેકવિધ સમસ્યા હોય છે. કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રી દ્વારા અને માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્ન મુજબ ૨૦૨૨ સુધીમાં તમામને પોતાનું ઘર મળે તેવા પ્રયત્નો છે. ભા.જ.પ. દ્વારા દરેકને રોટી, મકાન અને કપડા મળે તે માટે સતત પ્રયત્નશીલ છે. રાજકોટ મહાનગર– –પાલિકાને માન. મુખ્યમંત્રીશ્રીએ ધન્યવાદ પાઠવતા જણાવેલ કે, અનેકવિધ આવાસો રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ છે અને આગામી દોઢ–બે વર્ષમાં ઘરવિહોણા લોકોને આવાસો માળે તે માટે સરકાર પ્રયત્નશીલ છે. અમે વાસ્તવમાં ગરીબોને આવાસો આપીએ છીએ. પોશ એરિયામાં ગરીબોને



### કમ્પ્યુટરાઈઝડ ડ્રો

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ બનેલા ૨૧૭૬ આવાસોનો માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કમ્પ્યુટરાઈઝડ ડ્રો પણ કરાવ્યો હતો તથા આવાસ બાંધકામ યોજનાની સહાયના ચેકનું પણ લાભાર્થીઓને વિતરણ કર્યું.

### રૂડાના વિવિધ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ (રૂડા) દ્વારા રૂા.૪.૧૦ કરોડના ખર્ચે માધાપરથી ચોકથી માલિયાસણ ચોક સુધી નાખવામાં આવેલ એલ.ઈ.ડી. લાઈટીંગ સીસ્ટમ અને રૂા.૧૨.૬૨ કરોડના ખર્ચે વાવડી વિસ્તારની ભૂગર્ભ ગટર યોજનાનું લોકાર્પણ તથા રૂા.૪૪.૭૫ કરોડના ખર્ચે મોટા મવામાં બનનારા ૧૯૨ આવાસો અને રૈયા ખાતે બનનારા ૧૨૮ આવાસોનું રાજયના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ડિજિટલી ખાતમુહૂર્ત કર્યું.

**“ભારતના માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્ન મુજબ ૨૦૨૨ સુધીમાં તમામને પોતાનું ઘર મળે તેવા પ્રયત્નો કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીના છે.”**

**– શ્રી વિજયભાઇ રૂપાણી**
**માન. મુખ્યમંત્રીશ્રી**



પોતાનું પાકુ નવું સરનામું મળશે અને આ પોશ એરિયામાં તમામ સગવડતા સહ ગ્રીન આવાસનું મકાન મળશે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ફક્ત રસ્તા, ગટરો, લાઈટ, પાણી, સફાઈ જ નહિ પરંતુ, શહેરીજનોને તમામ સુવિધા સહ આવાસ યોજના જેમાં બાગ બગીચા, આંગણવાડી, સ્કૂલ, અને શોપિંગ સેન્ટર અને સોલાર રૂફટોપની સગવડતા સાથેની આવાસ યોજના રાજકોટ મહાનગરપાલિકા ડેવલપ કરી છે. તેમજ રાજકોટના વિકાસને ધ્યાને લઇ ૨030નું પ્લાનિંગ પણ કરવામાં આવેલ છે. તેના ભાગરૂપે વાવડી વિસ્તારમાં ડ્રેનેજ, રૂડા વિસ્તારમાં લાઈટીંગ, રીંગ રોડ ડેવલપમેન્ટ અને રૂડા આવાસ યોજનાના જુદા જુદા લોકાર્પણ આજે કરવામાં આવેલ છે. વિશ્વમાં વિકસતા શહેરોમાં રાજકોટ શહેર ૧ થી ૧૦માં સ્થાન ધરાવે છે. અતિ આધુનિક એરપોર્ટ, બસપોર્ટ, નવી સુપર સ્પેશિયલ હોસ્પિટલ, રેસકોર્ષ–૨, અટલ સરોવર, લાલપરી, નવી જી.આઈ.ડી.સી. વિગેરે ડેવલપમેન્ટ સાથે રાજકોટ શહેર આગળ વધી રહ્યું છે. સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના વિશ્વાસ સાથે સરકાર કામ કરી રહી છે. ફરીને તમામ ઉપસ્થિત શહેરીજનો તથા લાભાર્થીઓને વિજયાદશમીની શુભેચ્છા પાઠવેલ.

આ પ્રસંગે માન. મેયરશ્રી બિનાબેન આચાર્યએ જણાવેલ કે, થોડી જ વારમાં રાજકોટ મહાનગરપાલિકા અને રૂડા દ્વારા રૂા.૨૨૯ કરોડના જુદા જુદા વિકાસ કામોના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત માન. મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે થનાર છે.

ભારતના પ્રધાનમંત્રી માન. શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૨૨ સુધીમાં દેશમાં કોઈ ઘરવિહોણ ન રહે તેવો સંકલ્પ કરેલ છે. રાજકોટ મહાનગરપાલિકાએ દિશામા ખુબજ કામ કરી રહેલ છે. રાજકોટ મહાનગરપાલિકા અત્યાર સુધીમાં ૨૪૭૦૦ જેટલા આવાસો બનાવી લાભાર્થીઓને આપવામા આવેલ છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આશરે ૧૧,000 આવાસોની કામગીરી ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. જેમાં સ્માર્ટ સિટી વિસ્તારમાં બનાવવામાં આવનાર આવાસોનો સમાવેશ થાય છે. આ આવાસ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં રૂા.૩૬૧ કરોડની ગ્રાન્ટ રાજકોટ મહાનગરપાલિકાને મળેલ છે.

કેન્દ્ર સરકારના હાઉસિંગ વિભાગ દ્વારા અદ્યતન ટેકનોલોજીથી આવાસો બનાવવા માટે ગ્લોબલ હાઉસિંગ ટેકનોલોજી ચેલેન્જ અંતર્ગત સમગ્ર દેશમાં ફક્ત ૦૬ શહેરોની પસંદગી કરવામાં આવેલ જેમાં રાજકોટ શહેરની પસંદગી કરવામાં આવેલ છે. જે આપણા માટે ગૌરવની બાબત છે. વિશેષમાં, માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી મુખ્યમંત્રી બન્યા પછી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૬૧૭૬ જેટલા આવાસો બનાવવામાં આવેલ છે.

આજના વિજયાદશમીના શુભ પ્રસંગે આવાસ યોજનાના લાભાર્થીઓ, શહેરીજનો વિગેરે સૌને ખુબ ખુબ




**“રાજકોટ મહાનગરપાલિકા અત્યાર સુધીમાં ૨૪૭૦૦ જેટલા આવાસો બનાવી લાભાર્થીઓને સુપ્રત કરવામાં આવેલ છે.”**

**– શ્રી બિનાબેન આચાર્ય**
**માન. મેયરશ્રી**






શુભકામના પાઠવું છું.

આ અવસરે મ્યુની. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે મંચસ્થ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે કાર્યક્રમની રૂપરેખા આપતા સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડએ જણાવેલ કે, વોર્ડ નં.૧૧માં મવડી ખાતે રૂા.૧૬૨.૧૮ કરોડના ખર્ચે ૨૧૭૬ આવાસોની ફાળવણીનો ડ્રો તથા લોકાર્પણ તેમજ રૂડાના અનેક વિધ પ્રોજેક્ટના લોકાર્પણ અને ખાતમુહૂર્ત રાજ્યના નિર્ણાયક અને સંવેદનશીલ માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા થઇ રહ્યું છે. ત્યારે જણાવવાનું કે, દરેક માણસને પોતાનું ઘર એ એક સ્વપ્ન હોય છે. પોતાના ઘરનો આનંદ અનેરો હોય છે. અગાઉની સરકારના સમયમાં ઝૂપડપટ્ટી વધતી જતી હતી. જયારે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ઝૂપડપટ્ટીના સ્થાને લોકોને સુંદર અને સુવિધાવાળું આવાસ મળે તેવી કામગીરી હાથ ધરી છે અને ૨૦૨૨ સુધીમાં કોઇપણ નાગરિક ઘરવિહોણા ન રહે તે દિશામાં કામ કરી રહી છે. મુખ્યમંત્રી સતત ઝૂપડવાસીઓની ચિંતા કરતા રહ્યા છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારની સહાયથી આવાસ યોજનાના કામ હાથ ધરવામાં આવે છે. અત્યાર સુધીમાં અંદાજે ૨૪,૦૦૦થી વધુ આવાસોની સોંપણી કરવામાં આવેલ છે. ૮૫૦૦ આવાસોની કામગીરી ગતિમાં છે અને ૪૫૦૦ થી વધારે આવાસોની કામગીરી એકાદ માસમાં શરૂ થશે. ત્યારે આજરોજ યોજાયેલ ડ્રોમાં જેમને આવાસ મળનાર છે તેમને અભિનંદન અને બાકી રહેતાને આગામી આવાસ યોજનામાં આવાસ મળશે તે દિશામાં રાજકોટ મહાનગરપાલિકા પ્રયત્નશીલ છે.

સૌ પ્રથમ કાર્યક્રમની શરૂઆતમાં માન. મુખ્યમંત્રીશ્રી અને ઉપસ્થિત સૌ મહાનુભાવોના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. ત્યારબાદ પદાધિકારી ઓ, શહેર સંગઠન, મ્યુનિ. કમિશનર, કલેકટર અને પોલીસ કમિશનર ઉપરાંત વોર્ડ નં.૧૧, ૧૨ અને ૧૩ના સંગઠનના હોદ્દેદારો દ્વારા માન. મુખ્યમંત્રીશ્રીને બુકે અર્પણ કરી સ્વાગત કરેલ. જયારે આવાસ યોજનાની એજન્સી દ્વારા માન. મુખ્યમંત્રીનું મોમેન્ટો તથા શાલ વડે સન્માન કરેલ. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ મહાનુભાવોને બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મનીષભાઈ રાડીયા અને હાઉસિંગ કમિટી ચેરમેનશ્રી જયાબેન ડાંગરે પુસ્તક અર્પણ કરી સ્વાગત કરેલ. ત્યારબાદ, નાના દેશમુખ આવાસ યોજના હેઠળના જુદા જુદા ૪ લાભાર્થીઓને માન. મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે સહાયના ચેક અર્પણ કરેલ અને ત્યારબાદ રીમોટ કંટ્રોલ વડે માન. મુખ્યમંત્રીશ્રીએ કોમ્પ્યુટરરાઈઝ ડ્રો કરેલ.

કાર્યક્રમના અંતે ડે. મેયરશ્રી અશ્વિનભાઇ મોલીયા દ્વારા આભારવિધી કરવામાં આવેલ.

આવાસના લાભાર્થીઓની યાદી રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પર મુકવામાં આવશે અને આવતીકાલ તા.૯-૧૦-૨૦૧૯ના રોજ રાજકોટ મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરીમાં નોટીશ બોર્ડ પર પ્રદર્શિત કરવામાં આવશે.

આ ઉપરાંત ડ્રોમાં જેમનું નામ આવાસમાં આવેલ છે તેઓને મોબાઈલ ફોન દ્વારા sms કરવામાં આવશે.

**આવાસોમાં ઉર્જા કાર્યક્ષમતા અને આરામદાયક જીવનશૈલી માટે નવીન અભિગમ**

# સ્માર્ટ ઘર-૩ આવાસ યોજનાની વિશેષતાઓ

સરકારશ્રી દ્વારા ૨૦૨૨ સુધીમાં દેશના પ્રત્યેક નાગરિકને ઘરનું ઘર મળી રહે તે માટે ‘પ્રધાનમંત્રી આવાસ યોજના’ના વિવિધ ઘટકોની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેમાં એફોર્ડેબલ હાઉસિંગ ઈન પાર્ટનરશીપ સહિત જુદા જુદા ઘટકો દ્વારા લોકોને વ્યજબી ભાવે ઘરનું ઘર મળી રહે તેવી સુંદર વ્યવસ્થા કરેલ છે. ‘પ્રધાનમંત્રી આવાસ યોજના’ અંતર્ગત શહેરના વેસ્ટ ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૧૧લ આર્યલેન્ડ રેસીડેન્સી પાસે ટી.પી.૨૮ (મવડી) એફ.પી. નં. ૧૨/A પર સ્માર્ટ ઘર ૩ યોજના અંતર્ગત ૧૧૭૬ આવાસોની કામગીરી હાલ શરૂ છે.

સ્માર્ટ ઘર ૩ પ્રોજેકટમાં યુનિક, ઈનોવેટીવ, આરામદાયક અને ઉર્જા કાર્યક્ષમ ડીઝાઈન બનાવવા માટે "Building Energy Efficiency Project (BEEP)" કાર્યક્રમ અંતર્ગત સ્વીસ ડેવલોપમેન્ટ કોઓપરેશન એજન્સી દ્વારા ડીઝાઈન શેરેટનું આયોજન કરવામાં આવેલ. જેમાં વિવિધ ક્ષેત્રના નિષ્ણાંતો દ્વારા આપવામાં આવેલ સુચના અન્વયે બિલ્ડીંગ ડીઝાઈનના

**વિવિધ ક્ષેત્રના નિષ્ણાંતો દ્વારા આપવામાં આવેલ સુચના અન્વયે બિલ્ડીંગ ડીઝાઈનના ફીચર્સમાં ટેકનિકલ ફેરફાર કરીને ઘરનું તાપમાન 30 થી ૩૧ ડીગ્રી વચ્ચે રહે તે મુજબ કામગીરી કરવામાં આવી છે.**

ફીચર્સમાં ટેકનિકલ ફેરફાર કરીને ઘરના ઘરનું તાપમાન 30 થી ૩૧ ડીગ્રી વચ્ચે રહે તે મુજબ સ્થાનિકે કામગીરી કરવામાં આવી છે. જે માટે દરેક બિલ્ડીંગમાં બહારની દક્ષિણ બાજુએ કેવીટીવોલનું પ્રયોજન રાખવામાં આવેલ છે. તેમજ બારીઓની ઓપનેબલ ડીઝાઇન, વેન્ટીલેશન શાફ્ટ, વિગેરે સામેલ છે. તેમજ ગ્રીન બિલ્ડીંગ પ્રિન્સિપલ્સને ધ્યાને રાખીને ઉર્જાના સામાન્ય ઉપયોગ માટે સોલાર PV સિસ્ટમ, વરસાદી પાણીના બચાવ માટે રેઈન વોટર હાર્વેસ્ટિંગ વિગેરેની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તેમજ ચણતર માટે AAC બ્લોકસનો ઉપયોગ કરવામાં આવેલ છે.

## ☐ શ્રી રામ આવાસ યોજના (સ્માર્ટ ઘર-૧)

પ્રધાનમંત્રી આવાસ યોજના-સ્માર્ટ ઘર અંતર્ગત રાજકોટ શહેરના મધ્ય ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૧૧માં મવડી ટી.પી. સ્કીમ નં. ૨૮ના એફ.પી. નં. ૪૯-એ (SEWS) પર સ્પીડવેલ પાર્ટી પ્લોટની બાજુમાં ૨૪ મી. રોડ પર રૂા.૨૮.૫૫ કરોડના ખર્ચે કુલ ૧૯૩૦૪ ચો.મી. એરિયામાં EWS પ્રકારના ૩૮૪ આવાસોનું બાંધકામ કરવામાં આવેલ છે. જેમાં હાઈરાઈઝ (પાર્કિંગ+૧૨) પ્રકારના બે ટાવર આવેલા છે. દરેક માળમાં ૧૬ આવાસોનો સમાવેશ થાય છે. બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફલોરમાં પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તથા અંદાજીત ૩૦ ચો.મી. કાર્પેટ એરિયા ધરાવતા આવાસમાં એક બેડરૂમ, હોલ, રસોડું, ટોયલેટ, બાથરૂમ અને વોશ એરિયાનો સમાવેશ થાય છે. રસોડા તેમજ બાથરૂમમાં ગ્લેઝડ ટાઈલ્સ નાખવામાં આવેલ છે. તમામ બારીઓ એલ્યુમીનીયમ સેકશનથી બનાવવામાં આવેલ છે. દરવાજો વોટર પ્રુફ ફલશ ડોર તથા FROના નાખવામાં આવેલ છે. દરેક બિલ્ડીંગ દીઠ ૬ લીફટની સુવિધા ફાયર લીફ્ટ સાથે આપવામાં આવેલ છે. આ ઉપરાંત ૧૭ ચો.મી. કાર્પેટની ૨૪ દુકાનો અને ૨ હોલનું બાંધકામ કરવામાં આવેલ છે. જેમાંથી મોટાભાગની દુકાનો જાહેર હરાજીથી વેચાણ કરવામાં આવેલ છે. આવાસ યોજનાના કોમન પ્લોટમાં સુંદર અને આકર્ષક ગાર્ડન સાથે ચિલ્ડ્રન પ્લે એરિયા બનાવવામાં આવેલ છે. સદરહું આવાસ યોજનાના બિલ્ડીંગની છત ઉપર વોટર પ્રુફિંગ ટ્રીટમેન્ટ સહિતનું લેયર, આંતરિક રસ્તાઓ, ભૂગર્ભ ગટર તેમજ પીવાના પાણીની લાઇનો સાથે સુદ્રઢ બાંધકામ, પૂરતા પ્રમાણમાં અંદર ગ્રાઉન્ડ તથા ઓવરહેડ અને ફાયર ટેંકની વ્યવસ્થા કરવામાં આવેલ છે. ફૂલપ્રુફ ફાયર સીસ્ટમ અને બિલ્ડીંગની બહાર આકર્ષક કલર કામ કરવામાં આવેલ છે. સમગ્ર પરિસરમાં આકસ્મિક સંજોગોમાં પાવર કટ થાય ત્યારે કોમન લાઇટો, લીફ્ટ, પાણીની મોટર અને ફાયર સીસ્ટમ ચાલુ રહે તે માટે પૂરતા પાવર સપ્લાય સાથે જનરેટરની વ્યવસ્થા કરવામાં આવેલ છે. અત્રે રહેવા આવનાર લાભાર્થીઓને પોતાની જરૂરિયાત મુજબ ગેસ કનેકશન મળી રહે તે હેતુથી દરેક આવાસમાં ગેસ લાઇનો ફીટીંગ કરી આપવામાં આવેલ છે.

## ☐ શ્રી સીતા આવાસ યોજના (સ્માર્ટ ઘર-૨)

પ્રધાનમંત્રી આવાસ યોજના સ્માર્ટ ઘર અંતર્ગત રાજકોટ શહેરના પશ્ચિમ ઝોન વિસ્તાર વોર્ડ નં.૧૧ (મવડી) ટી.પી. સ્કીમ નં. ૨૮ ના એફ.પી. નં. ૪૯-સી (SEWS) પર ૬૧૬ આવાસોનું બાંધકામ કરવામાં આવેલ છે. જે બાંધકામ રૂા.૪૦.૨૪ કરોડના ખર્ચે કરવામાં આવેલ છે. જેનો બિલ્ટઅપ એરીયા ૩૧૫૬૩ ચો.મી. છે. તેમજ પાર્કિંગ+૭ માળના છ ટાવર બનાવવામાં આવેલ છે.

૨૭.૦૯ ચો.મી. કાર્પેટ ધરાવતા આ આવાસમાં એક બેડરૂમ, એક હોલ, રસોડું, વોશિંગ એરિયા તથા ટોયલેટ અને બાથરૂમની સુવિધાઓ ગ્રીન બિલ્ડીંગ સિદ્ધાંતોને આધારિત આવાસોનું નિર્માણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત શોપિંગ સેન્ટર એરિયામાં ૧૭ ચો.મી. કાર્પેટની કુલ ૭૨ દુકાનો બનાવવામાં આવેલ છે. વોશ એરિયા તથા ટોઈલેટ-બાથરૂમમાં તમામ બારીઓમાં એલ્યુમીનીયમ સેકશન, વોટર પ્રુફ ફલશ ડોર તેમજ FRP દરવાજાનો ઉપયોગ કરવામાં આવેલ છે.

આવાસ યોજનામાં સુંદર અને આકર્ષક ગાર્ડન સાથે ચિલ્ડ્રન પ્લે એરિયા બનાવવામાં આવેલ છે. સદરહું આવાસ યોજનાના બિલ્ડીંગની અગાસી પર વોટર પ્રુફિંગ ટ્રીટમેન્ટ સહિતનું લેયર, ચાઇના મોઝેઇડ આંતરિક રસ્તાઓ, ભૂગર્ભ ગટર, પીવાના પાણીની લાઇનો, ગેસ પાઈપલાઇન તેમજ સાથે સુદ્રઢ બાંધકામ, પૂરતા પ્રમાણમાં પાણીના સંગ્રહ માટે અન્ડર ગ્રાઉન્ડ ટેંક, ઓવર હેડ ટેંક તેમજ ફાયર ટેંકની વ્યવસ્થા અને ફૂલપ્રુફ ફાયર સીસ્ટમ અને બિલ્ડીંગની બહાર આકર્ષક કલર કામ કરવામાં આવેલ છે.

લોકોને સકારાત્મક વિચારો માટે દીવાલો પર સંદેશાત્મક ચિત્રો દોરવામાં આવેલ છે. તેમજ લાભાર્થીઓના પરિવારો માટે આંગણવાડી તેમજ પ્રાથમિક શાળાની સુવિધા કરવામાં આવેલ છે. આ ઉપરાંત લીફટની સાથે જનરેટરની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

## ☐ શ્રી લક્ષ્મણ આવાસ યોજના (સ્માર્ટ ઘર-૩)

પ્રધાનમંત્રી આવાસ યોજના સ્માર્ટ ઘર અંતર્ગત રાજકોટ શહેરના પશ્ચિમ ઝોન વિસ્તાર વોર્ડ નં.૧૧ (મવડી) ટી.પી. સ્કીમ નં. ૨૮ ના એફ.પી. નં. ૧૨-એ (SEWS) પર ૧૧૭૬ આવાસોનું બાંધકામ કરવામાં આવેલ છે. જે બાંધકામ રૂા.૮૬ કરોડના ખર્ચે કરવામાં આવેલ છે. જેનો બિલ્ટઅપ એરીયા ૫૮૩૫૬ ચો.મી. છે. તેમજ પાર્કિંગ+૭ માળના અગિયાર ટાવર બનાવવામાં આવેલ છે.

૨૭.૦૯ ચો.મી. કાર્પેટ ધરાવતા આ આવાસમાં એક બેડરૂમ, એક હોલ, રસોડું, વોશિંગ એરિયા તથા ટોયલેટ અને બાથરૂમની સુવિધાઓ ગ્રીન બિલ્ડીંગ સિદ્ધાંતોને આધારિત આવાસોનું નિર્માણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત શોપિંગ સેન્ટર એરિયામાં ૧૭ ચો.મી. કાર્પેટની કુલ ૩૪ દુકાનો બનાવવામાં આવેલ છે. વોશ એરિયા તથા ટોઈલેટ-બાથરૂમમાં તમામ બારીઓમાં એલ્યુમીનીયમ સેકશન, વોટર પ્રુફ ફલશ ડોર તેમજ FRP દરવાજાનો ઉપયોગ કરવામાં આવેલ છે.

આવાસ યોજનામાં સુંદર અને આકર્ષક ગાર્ડન સાથે ચિલ્ડ્રન પ્લે એરિયા બનાવવામાં આવેલ છે. સદરહું આવાસ યોજનાના બિલ્ડીંગની અગાસી પર વોટર પ્રુફિંગ ટ્રીટમેન્ટ સહિતનું લેયર, ચાઇના મોઝેઇક અને રૂફ સોલારની સુવિધા, આંતરિક રસ્તાઓ, ભૂગર્ભ ગટર, પીવાના પાણીની લાઇનો, ગેસ પાઈપલાઇન તેમજ સાથે સુદ્રઢ બાંધકામ, પૂરતા પ્રમાણમાં પાણીના સંગ્રહ માટે અન્ડર ગ્રાઉન્ડ ટેંક, ઓવર હેડ ટેંક તેમજ ફાયર ટેંકની વ્યવસ્થા અને ફૂલપ્રુફ ફાયર સીસ્ટમ અને બિલ્ડીંગની બહાર આકર્ષક કલર કામ કરવામાં આવેલ છે.

લોકોને સકારાત્મક વિચારો માટે દીવાલો પર સંદેશાત્મક ચિત્રો દોરવામાં આવેલ છે. તેમજ લાભાર્થીઓના પરિવારો માટે આંગણવાડી તેમજ પ્રાથમિક શાળાની સુવિધા કરવામાં આવેલ છે. આ ઉપરાંત લીફટની સાથે જનરેટરની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

### રાજકોટ મહાનગરપાલિકા દ્વારા

# પાંચમાં તબક્કાના સેવા સેતુ કાર્યક્રમ

**તા.૧૮-૧૦-૧૯ના રોજ વોર્ડ નં.- ૩,૫,૮માં સેવા સેતુ કાર્યક્રમનું આયોજન થયું : વોર્ડ નં.૮માં મેયરશ્રી બીનાબેન આચાર્ય તથા શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, વોર્ડ નં.૫માં ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રૈયાણી તથા ડે.મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા અને વોર્ડ નં.૩માં ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ તથા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડની ઉપસ્થિતિ**

રાજ્ય સરકારના પારદર્શક, સંવેદનશીલ વહીવટીતંત્રને પ્રજાલક્ષી બનાવવાના હેતુથી નાગરિકોની વ્યક્તિગત રજુઆતોનો તેમજ રાજ્ય સરકારની તથા રાજકોટ મહાનગરપાલિકાની યોજનાઓ સંબધિત પર્શ્નો સ્થળ ઉપર જ નિકાલ થાય તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૮–૧૦–૨૦૧૯ના રોજ વોર્ડ નં.૩માં ભાટિયા હોલ, રેલ્વે સ્ટેશનની સામે, વોર્ડ નં.૫ માં અટલ બિહારી ઓડીટોરીયમ, પેડક રોડ ખાતે, તેમજ વોર્ડ નં.૮માં અમીના માર્ગના છેડે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, કોર્પોરેશન ગ્રાઉન્ડ ખાતે સવારે ૯:૦૦ કલાકે પાંચમાં તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ  યોજાયો હતો.



વોર્ડ નં.૮માં અમીના માર્ગના છેડે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, કોર્પોરશન ગ્રાઉન્ડ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે માન. મેયરશ્રી બીનાબેન આચાર્ય, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ધારાસભ્યશ્રી લાખાભાઈ સાગઠીયા, શ્રી ભાનુબેન બાબરીયા, મ્યુની. કમિશનરશ્રી ઉદિતભાઈ અગ્રવાલ, શહેર મહામંત્રીશ્રી દેવાંગભાઈ માંકડ, પૂર્વ સાંસદશ્રી હરીભાઈ પટેલ, ધારાશાસ્ત્રીશ્રી અભયભાઈ ભારદ્વાજ, કોર્પોરેટર જાગૃત્તિબેન ઘડિયા, બાગ બગીચા અને ઝૂ સમીતી ચેરમેનશ્રી વિજયાબેન વાછાણી, ડે. કમિશનર



શ્રી એ. આર. સિંહ, પૂર્વ કોર્પોરેટર અશ્વિનભાઈ પાંભર, શહેર ભાજપ મંત્રીશ્રી મહેશભાઈ રાઠોડ, શહેર ભાજપ મંત્રીશ્રી રઘુભાઈ ધોળકિયા, વોર્ડ નં.૮ પ્રભારીશ્રી નીતિનભાઈ ભૂત, વોર્ડ નં.૮ પ્રમુખશ્રી વી. એમ. પટેલ, વોર્ડ નં.૮ મહામંત્રીશ્રી કાપડભાઈ ડાંગર, વોર્ડ નં.૮ મહામંત્રી શ્રી રમેશભાઈ ચાવડીયા, શ્રી કિરણબેન માંકડિયા, શ્રી અલ્કાબેન કામદાર, શ્રી રીટાબેન પટેલ, વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

વોર્ડ નં.૩માં ભાટિયા હોલ, રેલ્વે સ્ટેશનની સામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, પૂર્વ મેયરશ્રી જનકભાઈ કોટક, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી જીતુભાઈ કોઠારી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેનશ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, કોર્પોરેટરશ્રીઓ ગાયત્રીબા વાઘેલા, દિલીપભાઈ આસવાણી, અશોકસિંહ વાઘેલા, પૂર્વ કોર્પોરેટરશ્રી જયશ્રીબેન પરમાર, વોર્ડ નં.૩ પ્રમુખશ્રી હેમુભાઈ પરમાર, વોર્ડ નં.૩ મહામંત્રીશ્રી જગદીશભાઈ ભોજાણી, શ્રી સુનીલ ટેકવાણી, શ્રી મુકેશભાઈ પરમાર, શ્રી અભયભાઈ વાઘેલા, અરૂણાબેન આડેસરા, શ્રી ઈલાબેન, શ્રી ભુપેન્દ્રભાઈ શાહ, શ્રી બાબભાઈ પરેસા, શ્રી અભયભાઈ નાંઢા, શ્રી દિગુભા જેઠવા, શ્રી રવિભાઈ લાલ, શ્રી સુરેશભાઈ રાઠોડ તથા

અગ્રણીય શ્રી આત્મારામભાઈ બેલાણી, શ્રી કિશોરભાઈ ડેલાવાળા, શ્રી લાલજીભાઈ ભોજાણી, શ્રી શૈલેષભાઈ ઠાકર, વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

વોર્ડ નં.૫માં અટલ બિહારી ઓડીટોરીયમ, પેડક રોડ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રૈયાણી, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી કિશોરભાઈ રાઠોડ, ડે. કમિશનરશ્રી ચેતનભાઈ ગણાત્રા, એસ્ટેટ સમિતિ ચેરમેનશ્રી પ્રીતીબેન પનારા, કોર્પોરેટર શ્રી દક્ષાબેન ભેસાણીયા, વોર્ડ નં.૫ મહામંત્રીશ્રી મુકેશભાઈ ધનસોત, શ્રી ધરમસિંહભાઈ નાથાણી, શ્રી વલ્લભભાઈ નંદા, શ્રી રસીલાબેન સકરીયા, શ્રી મનુબેન રાઠોડ, શ્રી સંજયભાઈ ચાવડા, શ્રી દિનેશભાઈ ડાંગર, વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

પાંચમાં તબક્કાના સેવા સેતુ કાર્યક્રમમાં વોર્ડ નં.૮માં કુલ ૬૧૮ અરજીઓ, વોર્ડ નં.૫માં કુલ ૧૦૯૮ અરજીઓ તથા વોર્ડ નં.૩માં કુલ ૯૦૨ અરજીઓ આવેલ, આ તમામ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ. જેમાં મુખ્યત્વે આધાર કાર્ડ, વાત્સલ્ય કાર્ડ, વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર, આવકના દાખલા તેમજ જ્ઞાતિ પ્રમાણપત્ર વિગેરે માટે અરજીઓ આવેલ. તે તમામ અરજીઓનો નિકાલ થયેલ.




## :: રાજકોટ મહાનગરપાલિકા સેવાસેતુમાં ઉપલબ્ધ વિવિધ સેવાઓની વિગતવાર માહિતી ::

| ક્રમ | સેવાની વિગત | વિભાગનું નામ |
|---|---|---|
| | **સરકારશ્રીના વિવિધ વિભાગો હસ્તકની વિવિધ સેવાઓ** | |
| ૧ | આધાર કાર્ડ તથા મોબાઈલ નંબરનો બેંક સાથે જોડાણ | બેંક |
| ૨ | જનધન/નવું બેંક એકાઉન્ટ ખોલવું | |
| ૩ | પ્રધાનમંત્રી જીવન જ્યોતિ યોજના | |
| ૪ | પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના | |
| ૫ | અટલ પેન્શન યોજના | |
| ૬ | ભીમ એપ | |
| ૭ | કેસલેસ લીટરેસી (ડીજીટલ ટ્રાન્ઝેકશન લીટરેસી) | |
| ૮ | સુકન્યા સમૃધ્ધિ યોજના | |
| ૯ | ઘરેલું નવા વીજ જોડાણની અરજીઓ, ઝૂપડપટ્ટી વિજળીકરણ યોજના | પી.જી.વી.સી.એલ |
| ૧૦ | આર.ટી.ઓ. કચેરીની વિવિધ સેવાઓ | આર.ટી.ઓ. |
| ૧૧ | શ્રવણ તિર્થ યોજના રજીસ્ટ્રેશન | પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ |
| ૧૨ | માન. મુખ્યમંત્રીશ્રી એપ્રેન્ટીસ યોજનાની અરજીઓ સ્વીકાર કરવો | આઇ.ટી.આઇ. |
| ૧૩ | કાનૂની સહાય | કાનૂની સત્તામંડળ |
| ૧૪ | બસ કન્શેશન પાસ વિકલાંગ માટે | સમાજ સુરક્ષા વિભાગ |
| ૧૫ | દિવ્યાંગતા પ્રમાણપત્ર | |
| ૧૬ | યુ.ડી.આઇ.ડી કાર્ડનું રજીસ્ટ્રેશન | |
| ૧૭ | વિધવા સહાય | સિટી મામલતદાર કચેરી |
| ૧૮ | વૃધ્ધ નિરાધાર સહાય | |
| ૧૯ | રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના (અરજીઓ સ્વીકારવી) | |
| ૨૦ | રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના | |
| ૨૧ | આવકનો દાખલો | |
| ૨૨ | વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્રો | |
| ૨૩ | રેવન્યુ રેકર્ડ માટે વારસાઇ અરજી | |
| ૨૪ | ૭/૧૨/૮-અ ના પ્રમાણપત્રો | |
| ૨૫ | રાશન કાર્ડમાં નામ દાખલ, નામ કમી તથા નામમાં સુધારો કરવો | જીલ્લા પૂરવઠા વિભાગ |
| ૨૬ | કુંવરબાઇનું મામેરું સહાય યોજના (અનુ.જાતી) | નાયબ નિયામત (અ.જા) કચેરી |
| ૨૭ | જાતી પ્રમાણપત્ર (અનુ.જાતી) | |
| ૨૮ | ઓનલાઇન અરજી ડો. આંબેડકર આવાસ યોજના | |
| ૨૯ | કુંવરબાઇનું મામેરું સહાય યોજના (વિકસતી જાતી) | નાયબ નિયામત (વી.જા) કચેરી |
| ૩૦ | નોન ક્રીમીલેઅર પ્રમાણપત્ર | |
| ૩૧ | કુંવરબાઇનું મામેરું સહાય યોજના (આદિ. જાતી) | આદિ જાતી વિભાગ |
| ૩૨ | ફ્રી શીપ કાર્ડ શાળા/કોલેજ પ્રવેશ દરમિયાન | |

### રાજકોટ મહાનગરપાલિકાની હસ્તકની વિવિધ સેવાઓ

| | | |
|---|---|---|
| ૩૩ | બસ કન્શેશન પાસ સીનીયર સિટીઝન/સામાન્ય નાગરિકો/ માસિક પાસની સેવાઓ | આર.એમ.ટી.એસ. વિભાગ |
| ૩૪ | ટોઇલેટ અરજી | બાંધકામ વિભાગ |
| ૩૫ | પ્રોપર્ટી ટેક્સ | |
| ૩૬ | ગુમાસ્તા ધારા | ટેક્સ વિભાગ |
| ૩૭ | વ્યવસાય વેરા અરજી | વ્યવસાય વેરા વિભાગ |
| ૩૮ | જન્મ મરણ પ્રમાણપત્ર | જન્મ મરણ |
| ૩૯ | પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના | આઇ.સી.ડી.એસ. વિભાગ |
| ૪૦ | આઇ.સી.ડી.એસ. બાળકોના આધાર કાર્ડ | |
| ૪૧ | લગ્ન નોંધણી પ્રમાણપત્ર | આરોગ્ય શાખા |
| ૪૨ | કસ્તુરબા પોષણ સહાય યોજના | |
| ૪૩ | મેડીકલ ઓફિસર દ્વારા ઉંમરનો દાખલો | |
| ૪૪ | હેલ્થ વેલનેસ કાર્ડ | |
| ૪૫ | ડાયાબિટીસ અને બી.પી.ની ચકાસણી | |
| ૪૬ | મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય કાર્ડ (અરજી) | |
| ૪૭ | આધાર કાર્ડ તથા આધાર કાર્ડ સલગ્ન મોબાઇલ પરિવર્તન | આધાર કાર્ડ |

### સેવા સેતુ કાર્યક્રમમાં આવરી લેવાયેલ સેવાઓ

| સેવાનું નામ | વિભાગનું નામ | જરૂરી આધાર-પુરાવા |
|---|---|---|
| - આધાર કાર્ડ<br>- આધાર કાર્ડ સંલગ્ન મોબાઇલ નંબર પરિવર્તન | આધાર વિભાગ | જન્મ તારીખનો દાખલો, ઇલેક્ટ્રિક બિલ, રેશન કાર્ડ, ગેસ બિલ, સ્કૂલ લીવીંગ સર્ટીફિકેટ |
| - રાશન કાર્ડમાં નામ દાખલ કરવું<br>- રાશન કાર્ડમાં નામ કમી કરવું<br>- રાશન કાર્ડમાં નામ સુધારો કરવો | જીલ્લા પૂરવઠા વિભાગ | અરજી ફોર્મ, ફોટો, ચૂંટણી કાર્ડ/આધાર કાર્ડ, જન્મનો દાખલો, પત્નીનું નામ દાખલ કરવા પિયર પક્ષમાંથી નામ કમીનો દાખલો, તલાટીનો દાખલો, સંમતી પત્રક |
| - કુંબરબાઇનું મામેરું સહાય યોજના | આદિજાતિ વિભાગ<br>નાયબ નિયામક (અ.જા.)<br>નાયબ નિયામક (વિ.જા.) | કન્યાના પિતા પક્ષનો બી.પી.એલ.નો દાખલો, બી.પી.એલ./અંત્યોદય રેશન કાર્ડ, આવક મર્યાદા રૂા.૧,૫૦,૦૦૦/-, કન્યાની બેંક પાસબુકની નકલ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જાતિનો દાખલો, કન્યાયના પિતાનો આવકનો દાખલો, નોંધણી પ્રમાણપત્ર |
| - દિવ્યાંગતા પ્રમાણપત્ર | સમાજ સુરક્ષા વિભાગ | ઉંમરનો આધાર, દિવ્યાંગ તબીબી પ્રમાણપત્ર, આધાર કાર્ડ |
| - માં વાત્સલ્ય કાર્ડ (અરજી)<br>- માં અમૃતમ્ કાર્ડ (અરજી) | આરોગ્ય વિભાગ | આવકનો દાખલો મહત્તમ રૂા.૪,૦૦,૦૦૦/-, બી.પી.એલ. કાર્ડ, રેશન કાર્ડ, ઓળખના પુરાવા |
| - હેલ્થ વેલનેસ કાર્ડ (ડાયાબીટીસ અને બી.પી.ની ચકાસણી) | આરોગ્ય વિભાગ | બ્લડ પ્રેસર, ડાયાબીટીસ, હિમોગ્લોબીન અને વજનની તપાસ તથા મેડિકલ કાઉન્સીલીંગ સ્થળ ઉપર કરવામાં આવશે. |
| - ઘરેલું નવા વીજ જોડાણ માટેની અરજીઓ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | અરજી ફોર્મ, રહેઠાણનો પુરાવો, આધાર કાર્ડ, આવકનો દાખલો વગેરે |
| - આધાર કાર્ડનું બેંક એકાઉન્ટ સાથે જોડાણ | બેંક નાણા વિભાગ | આધાર કાર્ડ, બેંક પાસબુક, મોબાઇલ નંબર |
| - મોબાઇલ નંબર સાથે બેંક એકાઉન્ટનું જોડાણ | | બેંક પાસબુક ખાતા નંબર, મોબાઇલ નંબર, ઓળખનો પુરાવો |
| - નવું બેંક એકાઉન્ટ ખોલાવવું | | ઓળખનો પુરાવો, રહેઠાણનો પુરાવો, ફોટોગ્રાફ, મોબાઇલ નંબર |
| - પ્રધાનમંત્રી જીવનજ્યોતી યોજના | | ઓળખનો પુરાવો, રહેઠાણનો પુરાવો, ફોટોગ્રાફ, મોબાઇલ નંબર, ચેક |
| - પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના | | ઓળખનો પુરાવો, રહેઠાણનો પુરાવો, ફોટોગ્રાફ, મોબાઇલ નંબર, ચેક |
| - અટલ પેન્શન યોજના | | ઓળખનો પુરાવો, રહેઠાણનો પુરાવો, ફોટોગ્રાફ, મોબાઇલ નંબર, ચેક |
| - સુકન્યા સમૃધ્ધિ યોજના | | ઓળખનો પુરાવો, રહેઠાણનો પુરાવો, જન્મનું પ્રમાણપત્ર |
| - ભીમ એપ | | મોબાઇલ એપની જાણકારી |

## સ્માર્ટ પ્લાનિંગ

# કેન્દ્રના મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સના જોઇન્ટ સેક્રેટરીશ્રી અમૃત અભિજાત લાઇટ હાઉસ પ્રોજેક્ટ માટેના સ્થળની મુલાકાતે



ભારત સરકારશ્રી પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સને-૨૦૨૨ સુધીમાં દેશમાં સૌને પાક્કા સુવિધાસભર આવાસો પુરા પડવાની નેમ ધરાવે છે. જે અંતર્ગત દેશભરમાં નવીનતમ ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઝડપથી એક સાથે વધુ પ્રમાણમાં આવાસોનું નિર્માણ કરવાનો કેન્દ્ર સરકારશ્રીઓ ધ્યેય છે. ગ્લોબલ હાઉસિંગ ટેકનોલોજી ચેલેન્જ-લાઇટ હાઉસ પ્રોજેક્ટ અંતર્ગત સમગ્ર દેશમાં ફક્ત ૬ શહેરોની પસંદગી કરવામાં આવેલ છે. પસંદગી પામેલ આ ૬ શહેરોમાં રાજકોટ શહેરનો પણ આ યોજના માટે કરવામાં આવેલ છે. નવી ટેકનોલોજીની મદદથી બનનાર હાઉસિંગ પ્રોજેક્ટ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રૈયા સ્માર્ટ સિટી એરીયામાં સાઇટ નક્કી કરવામાં આવેલી છે. કેન્દ્રના મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સના જોઇન્ટ સેક્રેટરીશ્રી અને હાઉસિંગ ફોર ઓલના એમ.ડી. શ્રી અમૃત અભિજાતે લાઇટ હાઉસ પ્રોજેક્ટ માટેના સ્થળની મુલાકાત લીધી હતી. તેઓ આ સ્થળથી ખુબ જ પ્રભાવિત થયા હતાં. શ્રી અમૃત અભિજાતે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પોપટપરા રેલનગર વિસ્તારમાં બનાવવામાં આવેલી ટાઉનશીપ વિશે પણ વિસ્તૃત જાણકારી પ્રાપ્ત કરી હતી. તેમણે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરવામાં આવેલી ઇન્ટીગ્રેટેડ ટાઉનશીપની ખુબ જ પ્રશંસા કરી હતી અને આ આવાસ યોજનાઓ પર એક ડોક્યુમેન્ટરી ફિલ્મ તૈયાર કરી કેન્દ્ર સરકારશ્રીને મોકલવા અનુરોધ કર્યો હતો. કેન્દ્ર સરકારશ્રી આ ડોક્યુમેન્ટરી ફિલ્મ અન્ય શહેરોને અભ્યાસ માટે મોકલવા ઇચ્છુક છે જેથી એ શહેરો રાજકોટની માફક ખુબ જ સારી ઇન્ટીગ્રેટેડ ટાઉનશિપ તૈયાર કરી લોકોને લેટેસ્ટ સુવિધાઓ મળી શકે.

આ પૂર્વે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે એમ.ડી. શ્રી અમૃત અભિજાત આને અન્ય વરિષ્ઠ અધિકારીશ્રીઓનું સર્કિટ હાઉસ ખાતે પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. સાઇટ વિઝિટ પૂર્વે કમિશનરશ્રીએ એમ.ડી. શ્રી અમૃત અભિજાતને નકશા સાથે લાઇટ હાઉસ પ્રોજેક્ટની વિસ્તૃત માહિતી આપી હતી અને ત્યારબાદ તેઓએ રૈયા સ્માર્ટ સિટી એરિયામાં સ્થિત આ સાઇટની મુલાકાત લીધી હતી. આ હાઉસિંગ પ્રોજેક્ટ રૈયાથી સાવ નજીક હોઇ લાઇટ, પાણી, ભૂગર્ભ ગટર, રસ્તા વગેરે સુવિધાઓ પણ હાઉસિંગ પ્રોજેક્ટનાં લાભાર્થીઓ ને ઝડપથી પ્રાપ્ત થનાર છે. આ ઉપરાંત આ હાઉસિંગ પ્રોજેક્ટમાં એક શોપિંગ સેન્ટર પણ તૈયાર થનાર હોઇ લાભાર્થીઓને ઘરઆંગણે જ શોપિંગની સુવિધા પ્રાપ્ત થશે.



હાઉસિંગ ફોર ઓલના MD અને કેન્દ્રના મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સના જોઇન્ટ સેક્રેટરીશ્રી અમૃત અભિજાતે લાઇટ હાઉસ પ્રોજેક્ટ માટેના સ્થળની મુલાકાત કરી એ પૂર્વે મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે હાઉસિંગ પ્રોજેક્ટ અને સાઇટ વિશે વિસ્તૃત માહિતી આપી એ વખતની તસવીર

કેન્દ્ર સરકારશ્રી ના મિનીસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ વિભાગ દ્વારા અદ્યતન ટેકનોલોજીથી આવાસો બનાવવા માટે ગ્લોબલ હાઉસિંગ ટેકનોલોજી ચેલેન્જ-લાઇટ હાઉસ પ્રોજેક્ટ અંતર્ગત સમગ્ર કામગીરી ખજ્ઞગઇઅ (મિનિસ્ટ્રી ઓફ અર્બન એન્ડ હાઉસિંગ અફેર્સ) ના વડપણ હેઠળ CPWD (સેન્ટ્રલ પબ્લિક વર્કસ ડીપાર્ટમેન્ટ) દ્વારા કરવામાં આવનાર છે. લાઇટ હાઉસ પ્રોજેક્ટ માટેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવેલ છે. ગુજરાત સરકાર તરફથી એફોર્ડેબલ હાઉસિંગ મિશન હેઠળના કાર્યક્ષેત્ર હેઠળ કરવામાં આવનાર છે તથા રાજકોટ મહાનગરપા-લિકા તરફથી નોડલ ઓફિસર તરીકે સિટી એન્જી. (સ્પે.) શ્રી અલ્પના મિત્રાની નિમણુક કરવામાં આવેલ છે.

રૈયા સ્માર્ટ સિટીના ટી.પી. સ્કીમ નં ૩૨ માં ૪૫ મિ. રોડ પર આ પ્રોજેક્ટ સાકાર થવા જઇ રહેલ છે. જેમાં દરેક આવાસમાં ૨ રૂમ, રસોડું, સંડાસ-બાથરૂમ, વોશિંગ એરિયા મળીને પાર્કિંગમાં કોમર્શીયલ કોમ્પ્લેક્ષ, ગાર્ડન, કોમ્યુનીટી હોલ જેવી સહિયારી સુવિધાઓ પણ આપવામાં આવનાર છે. કુલ રૂા.૧૧૮ કરોડના ખર્ચે ૧૧૦૦ થી વધુ આવાસો બનનાર છે.

આ પ્રોજેક્ટની સાઇટ વિઝીટ માટે દિલ્હી ખાતેથી હાઉસિંગ ફોર ઓલ (HFA)ના MD તથા જોઇન્ટ સેક્રેટરીશ્રી અમૃત અભિજાત તા.૧૮-૧૦-૨૦૧૯ ના રોજ રાજકોટ ખાતે પધારેલ હતા. તેમનું માન. કમિશનરશ્રી દ્વારા સ્વાગત કરવામાં આવેલ. જોઇન્ટ સેક્રેટરીશ્રી તથા માન. કમિશનરશ્રી દ્વારા સર્કિટ હાઉસ ખાતે સમગ્ર પ્રોજેક્ટની સમીક્ષા કરવામાં આવેલ. માન. કમિશનર સાહેબે પ્રોજેક્ટ બાબતે વિગતવાર માહિતી આપ્યા બાદ જોઇન્ટ સાઇટ વિઝીટ કરવામાં આવેલ હતી. આ ઉપરાંત તેઓએ મોરબી રોડ બાયપાસ પાસે પોપટપરા વિસ્તારમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત બનેલ આવાસો અને આ વિસ્તારની ઉડતી મુલાકાત લઇ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા થઇ રહેલ કામગીરી અંગે સંતોષ વ્યક્ત કરેલ હતો. તેઓની સાથે રાજકુમાર ગૌતમ, ડાયરેક્ટરશ્રી (MoHUA), અખિલેશ કેકરે (રીજીયોનેલ કોઓર્ડીનેટર), દિવ્યકુમાર ગર્ગ (અર્બન પ્લાનર PMAY) તેમજ AHM ગાંધીનગર તેમજ સીટી એન્જીનીયરશ્રી અલ્પના મિત્રાના તાબા હેઠળનો આવાસ યોજના (ટેકનીકલ) વિભાગનો સ્ટાફ હાજર રહેલ.

# સ્માર્ટ સિટી એરિયામાં બનનારી આવાસ યોજના કેવી હશે ?



વિશ્વમાં આવિષ્કાર પામેલી અવનવી ટેકનોલોજીનો ભારતમાં એફોર્ડેબલ હાઉસિંગ ક્ષેત્રે ઉપયોગમાં થાય અને પ્રોજેક્ટ્સ સાકાર કરવાની ગતિમાં જબરદસ્ત વધારો થાય તેમજ તેના માધ્યમથી વર્ષ : ૨૦૨૨ સુધીમાં ઘર વિહોણા તમામ નાગરિકોને પોતાની ઘર મળી રહે એટલું જ નહી પરંતુ આ ઘર શ્રેષ્ઠ અને સર્વોત્તમ ગુણવત્તાયુક્ત બની રહે તેવા ઉમદા લક્ષ્યાંકને પરિપૂર્ણ કરવા કેન્દ્ર સરકારશ્રી દ્વારા જુન-૨૦૧૯ સુધીમાં એવા દીવાદાંડીરૂપ માર્ગદર્શક પ્રોજેક્ટસ ઓળખી કાઢવા જે એક જબરદસ્ત અભિયાન હાથ ધર્યું હતું તેમાં પસંદગી પામેલા રાજકોટ સહિતના છ શહેરો માટેના હાઉસિંગ પ્રોજેક્ટ્સ માટે કેન્દ્ર સરકારશ્રીએ જે ગ્લોબલ ટેન્ડર પ્રસિધ્ધ કર્યા હતાં તેનું ગત તા.૨૦-૮-૨૦૧૯ના રોજ નવી દિલ્હી ખાતે યોજાનારી બેઠકમાં ટેકનિકલ મૂલ્યાંકન થયું હતું.

આ પ્રોજેક્ટ વિશે માહિતી આપતા માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય, ડે. મેયરશ્રી અશ્વિનભાઇ મોલીયા, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઇ કાનગડ, અને મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે કહ્યું હતું કે, ગ્લોબલ હાઉસિંગ ક્ષેત્રે એવી નવી નવી ટેકનોલોજીનો ઉપયોગ થાય કે જેના સહારે હાઉસિંગ પ્રોજેક્ટ્સ ને અપ્રતિમ ગતિ પ્રદાન થાય ઉપરાંત આ પ્રોજેક્ટ્સ અન્ય શહેરો માટે એક મોડેલ સમાન બની રહે અને પછી તેનું દેશભરમાં અનુકરણ થઇ શકે. રાજકોટ મહાનગરપાલિકાએ હાઉસિંગ ક્ષેત્રે જે નવી પહેલ કરી છે તેને નજર સમક્ષ રાખતા કેન્દ્ર સરકારશ્રીએ (લાઇટહાઉસ પ્રોજેક્ટ્સ) દીવાદાંડીરૂપ એટલે કે માર્ગદર્શક પ્રોજેક્ટસ ઓળખી કાઢવા રાજકોટ સહિત કુલ છ શહેરોની ઓળખ કરી હતી. રાજકોટ માટે વધુ એક ગૌરવપૂર્ણ એવા એક ઘટનાક્રમમાં, રાજકોટ મહાનગરપાલિકાએ તાજેતરના સમયમાં એફોર્ડેબલ અને ગ્રીન બિલ્ડિંગ કન્સેપ્ટ સાથે સફળતાપૂર્વક પૂર્ણ કરી જે પ્રગતિ

### લાઇટ હાઉસ પ્રોજેક્ટ વિશે માહિતી આપતા માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય, ડેપ્યુટી મેયરશ્રી અશ્વિનભાઇ મોલિયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી ઉદયભાઇ કાનગડ અને મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

સાધી છે તેવા હાઉસિંગ પ્રોજેક્ટ્સની રાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઇ છે. રાજકોટ મહાનગરપાલિકાએ કેન્દ્ર સરકારશ્રીના લાઇટહાઉસ પ્રોજેક્ટસ માટેના હાઉસિંગ પ્રોજેક્ટ્સની તૈયાર પણ પૂર્ણ કરી લીધી છે.

રૈયા સ્માર્ટ સિટી એરિયામાં નિર્માણ પામનાર આ લેટેસ્ટ હાઉસિંગ પ્રોજેક્ટ્સ વિશે વિસ્તૃત માહિતી આપતા તેઓએ ઉમેર્યું હતું કે, વાર્ષિક રૂા.૩ લાખની આવક ધરાવતા આર્થિક રીતે નબળા વર્ગના (EWS) નાગરિકો માટે ૧૩-૧૩ માળના કુલ ૧૧ ટાવરમાં ૧૧૪૪ ફ્લેટ બનશે, જેમાં દરેક આવાસ માટે ૪૦ ચોરસ મીટર કાર્પેટ એરિયા રહેશે. નાગરિકોને આ ફ્લેટ રૂા.૫.૫૦ લાખની કિંમતમાં પ્રાપ્ત થઇ શકશે. આ એક આવાસ બનાવવા માટે કુલ રૂા.૧૦.૫૦ લાખ જેવો ખર્ચ થવાનો અંદાજ છે. રાજકોટ મહાનગરપાલિકાએ તૈયાર કરેલા આ શાનદાર હાઉસિંગ પ્રોજેક્ટમાં બ્યુટીફુલ ગાર્ડન, ટુ ટાયર પાર્કિંગ, ડ્રેનેજ, પીવાનું પાણી, જેવી સુવિધાઓ ઉપરાંત મોલ ટાઇપ કોમર્શિયલ કોમ્પલેક્ષ, કલબ હાઉસ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ બનાવવામાં આવનાર છે. આ હાઉસિંગ પ્રોજેક્ટ્સ માટે રૈયા સ્માર્ટ સિટી એરીયામાં સ્થિત લેઇક-૨ અને લેઇક-૩ની વચ્ચેની જગ્યામાં ૪૦૦૦૦ ચોરસ મીટર ક્ષેત્રફળ ધરાવતી સુંદર સાઇટ પસંદ કરવામાં આવેલ છે.

ઈ-ન્યુઝલેટર
સ્માર્ટ રાજકોટ

આ હાઉસિંગ પ્રોજેક્ટ એવી રીતે ડીઝાઈન કરવામાં આવેલ છે કે પ્રત્યેક ઘટના કિચનમાંથી ગાર્ડન વ્યુ જોઈ શકાશે.

ગત માર્ચ–૨૦૧૯માં કેન્દ્ર સરકારશ્રીનાં ગૃહ અને શહેરી બાબતોનાં મંત્રાલયના સચિવ માન. શ્રી દુર્ગા શંકર મિશ્રાએ કન્સ્ટ્રક્શન ટેકનોલોજી ઈન્ડિયા–૨૦૧૯–એક્સ્પો–કમ–કોન્ફરન્સ–ગ્લોબલ હાઉસિંગ ટેકનોલોજી ચેલેન્જ એક્સ્પો–કમ–કોન્ફરન્સ ઈવેન્ટ ખાતે પ્રેસ કોન્ફરન્સને સંબોધન કરતા જણાવ્યુ હતું કે, ૩૨ દેશોના ૨૫૦૦ થી વધુ પ્રતિનિધિઓએ સીટીઆઈ–૨૦૧૯માં ભાગ લીધો હતો. લાઈટહાઉસ પ્રોજેક્ટ્સને શોધવા માટે ૬ શહેરોની ઓળખ કરવામાં આવી છે જે 'લાઈવ લેબોરેટરીઝ' તરીકે સેવા આપશે. આ છ શહેરોમાં રાજકોટ, રાંચી, ઈન્દોર, ચેન્નાઈ, અગરતલા, લખનઉની પસંદગી થયાની જાહેરાત કરી હતી. ત્યારબાદ રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિ. કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ સિટી એન્જીનીયરશ્રી અલ્પના મિત્રાએ સમગ્ર હાઉસિંગ પ્રોજેક્ટનું પ્લાનિંગ તૈયાર કરાવ્યું.

છેલ્લા અઢી વર્ષથી કેન્દ્ર સરકારશ્રી ગ્લોબલ હાઉસિંગ ટેકનોલોજી ક્ષેત્રે પદાર્પણ કરેલી અનવની ટેકનોલોજી ચકાસવા કવાયત ચાલી રહી હતી. જેમાં યુ.એસ., ફિનલેન્ડ, ઓસ્ટ્રેલિયા, સ્પેન, ફ્રાંસ, દક્ષિણ કોરિયા અને ઈટાલી સહિત ૨૫ દેશોમાંથી ૩૨ નવી ટેકનોલોજી સાથે ૫૪ જેટલા નીવડેલા ટેકનોલોજી પ્રોવાઈડરનું મૂલ્યાંકન ટેકનિકલ મૂલ્યાકંન સમિતિ(ટીઈસી) દ્વારા કરવામાં આવ્યું હતું. જેના આધાર પર કેન્દ્ર સરકારશ્રી દ્વારા જે ટેકનોલોજી પસંદ કરવામાં આવેલ છે તેમાં પ્રિકાસ્ટ કોન્ક્રીટ સિસ્ટમ–થ્રીડી પ્રિકાસ્ટ વોલ્યુમેટ્રિક, પ્રિકાસ્ટ કોન્ક્રીટ કન્સ્ટ્રક્શન સિસ્ટમ–પ્રિકાસ્ટ કમ્પોનન્ટ્સ એસેમ્બલ્ડ એટ સાઈટ, લાઈટ ગેઈજ સ્ટીલ સ્ટ્રક્ચરલ સિસ્ટમ એન્ડ પ્રીએન્જીનીયર્ડ સ્ટીલ સ્ટ્રક્ચરલ સિસ્ટમ, પ્રિફેબ્રિકેટેડ સેન્ડવીચ પેનલ સિસ્ટમ, મોનોલીથીક કોન્ક્રીટ કન્સ્ટ્રક્શન અને સ્ટે ઈન પ્લેસ ફોર્મવર્ક સિસ્ટમનો સમાવેશ થાય છે. દેશવિદેશની કુલ ૫૪ કંપની / એજન્સીઓએ આ ટેકનોલોજી પ્રદર્શિત કરી હતી અને આઈ.આઈ.ટી. રૂર્કી ખાતે આ એજન્સીઓ/કંપનીઓએ એક એક સેમ્પલ હાઉસ પણ તૈયાર કર્યા હતાં અને કેન્દ્ર સરકારશ્રી દ્વારા તેનું મૂલ્યાંકન કરાયું હતું. લાઈટહાઉસ









પ્રોજેક્ટ્સ માટે પસંદ થયેલી આ છ ટેકનોલોજીના આ ૫૪ પ્રોવાઈડર્સ જ ટેન્ડર પ્રક્રીયામાં સામેલ કરાયા હતા.

શહેરી પડકારોને પહોંચી વળવા માટે એક સંકલિત અભિગમ સાથે શહેરી પુનરૂજ્જીવન લાવવા, બાંધકામ ક્ષેત્રે જીવંતતા અને સસ્તું હાઉસિંગ, કુશળતા અને માનવ સંસાધનોની ઈચ્છનીયતાને સુનિશ્ચિત કરવાના સુધારણાઓ, નવી બાંધકામ તકનીકો માટે ઈકો–સિસ્ટમથી સક્ષમ કરવા, બાંધકામમાં નવીનતાઓને સક્ષમ કરવાના સુધારા સાધનસામગ્રી મેન્યુફેકચરિંગ સેકટર, હાઉસિંગ સેકટરની બહાર બાંધકામમાં નવી તકનીકો, સંભવિત તકનીકી પ્રદાતાઓ માટે માસ્ટર કલાસ, માર્કેટિંગ વિક્ષેપ, પ્રમાણિતતા અને સસ્ટેનેબિલીટી મેટ્રિક્સના નિર્માણ માટેના વિષયોને આવરી લે છે.

જીએચટીસી–ભારતનાં માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિકોણનું પરિણામ છે. તેમણે 'નવા ભારત' (ન્યુ ઈન્ડિયા)ની રચનામાં તમામ સરકારી પ્રવૃત્તિઓમાં એક ચાવીરૂપ ચાલક પરિબળ તરીકે પરિવર્તન માટે તેમનો દ્રષ્ટિકોણ રજૂ કર્યો હતો. માન. પ્રધાનમંત્રીશ્રીએ જાહેર અને ખાનગી ક્ષેત્ર બન્નેમાં ભવિષ્યના પ્રોજેક્ટ્સમાં તમામ આપત્તિ–પ્રતિરોધક સુવિધાઓને સમાવવાની જરૂરિયાત પર પ્રકાશ પાડ્યો હતો. CREDAI અને NAREDCO વગેરે દ્વારા ખાનગી ક્ષેત્રની સંગઠનોને તેમના પ્રોજેક્ટ્સમાં ડિઝાસ્ટર રેઝીલીયંટ (આપત્તિ સામે ઝીંક ઝીલી શકે તેવા અને પ્રતિરોધક) સુવિધાઓ અપનાવવા પ્રોત્સાહિત કરવામાં આવશે. આ સુવિધાનું મૂલ્યાંકન કરવા માટે તૃતીય પક્ષ એજન્સીઓ સિસ્ટમ્સ અને મિકેનિકઝમ્સ વિકસાવવા માટે પહેલ કરવામાં આવશે, જે આ આપત્તિ–પ્રતિરોધક સુવિધાઓ ઓળખવા અને પ્રમાણિત કરવામાં વધુ વિશ્વસનીયતા આપશે.

વડાપ્રધાનશ્રીએ વર્ષ, એપ્રિલ–૨૦૧૯ થી માર્ચ–૨૦૨૦ 'બાંધકામ ટેકનોલોજી વર્ષ' તરીકે જાહેર કર્યું હતું. આ જીએચટીસી–ઈન્ડિયા અને પોલ–વોલ્ટ હેઠળના બાંધકામ ક્ષેત્રને વધુ ઉંચાઈએ શરૂ કરવામાં આવેલી પ્રવૃત્તિઓનો ઉપયોગ કરવા અમલીકરણ માટે શ્રેણીબદ્ધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. યોજનાની કેટલીક પ્રવૃત્તિઓ નેશનલ નોલેજ નેટવર્ક (એનકેએન) નો લાભ પણ લેશે જેથી યુવા પેઢી સૌથી આધુનિક એવી નવી ટેકનોલોજીનાં આવિષ્કારથી પરિચિત હોય.














# જાજરમાન દિવાળી કાર્નિવલ

## રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચાના માન. પ્રભારી શ્રી અંજલિબેન રૂપાણીના વરદ્ હસ્તે શુભારંભ

રાજકોટની ઓળખ ‘‘રંગીલું રાજકોટ’’ તરીકેની છે. રાજકોટ શહેર તેની વૈવિધ્યપૂર્ણ ખાસિયતો માટે વિખ્યાત છે અને એમાંય ખાસ કરીને સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની વાત આવે ત્યારે રાજકોટનો ઉલ્લેખ એક ઉત્સાહથી થનગનતા રંગીલા શહેર તરીકે કરવામાં આવે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ફરી એક વખત દીપાવલીના તહેવારોમાં નાગરિકોના ઉત્સાહમાં અસાધારણ વધારો કરવા દિવાળી કાર્નિવલનું ભવ્યાતિભવ્ય આયોજન કરી દીપોત્સવી પર્વને યાદગાર બનાવવામાં આવેલ. તા. ૨૪ થી ૨૭ ઓક્ટોબર એટલે કે બારસથી દિવાળીના દિવસ સુધી રાજકોટની મધ્યમાં રેસકોર્ષ સંકુલ અને રેસકોર્ષ રિંગ રોડ ખાતે ચાર દિવસ માટે શાનદાર રંગબેરંગી રોશની, ભવ્ય આતશબાજી, રંગોળી સ્પર્ધા, લાઈવ બેન્ડના મ્યુઝિકલ શો, મ્યુઝિક સાથે લાઈટીંગ, આકર્ષક સેલ્ફી પોઈન્ટ તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે આકર્ષણો સાથેના અભૂતપૂર્વ દિવાળી કાર્નિવલ–૨૦૧૯ને નાગરિકોએ મન ભરીને માણ્યો હતો. આ દિવાળી કાર્નિવલ–૨૦૧૯નો તા. ૨૪–ઓક્ટોબર ૨૦૧૯ના રોજ સાંજે ૦૬:30 કલાકે બાલભવન પાસે, કિસાનપરા ચોક ખાતે રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચાના માન. પ્રભારી શ્રી અંજલિબેન રૂપાણીના વરદ્ હસ્તે શુભારંભ કરવામાં આવેલ.

આ પ્રસંગે માન. પ્રભારી શ્રી અંજલિબેન રૂપાણીએ તેમના વકતવ્યમાં આ શાનદાર આયોજન બદલ રાજકોટ મહાનગરપાલિકાને અભિનંદન પાઠવ્યા હતા તેમજ રાજકોટવાસીઓને દિવાળી અને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી.

રેસકોર્ષ રીંગ રોડ ફરતે ભવ્ય લાઈટીંગ શો અને ધમાકેદાર સાઉન્ડ સિસ્ટમ સાથે ખુબ મનોરંજન કરવામાં આવશે. ઉપરાંત દિપાવલીની પૂર્વ સંધ્યાએ ધનતેરસના દિવસે મોટા પાયે ભવ્ય આતશબાજીનું પણ આયોજન કરવામાં આવેલ. આ કાર્નિવલમાં ભવ્ય રંગોળી સ્પર્ધાનું પણ સાથેસાથે આયોજન કરાયું હતું અને તેની સાથે હેલ્ધી ફૂડ ઝોનની પણ વ્યવસ્થા કરવામાં આવેલ. રાજકોટના જ કલાકારો દ્વારા દરરોજ અવનવા પ્રોગ્રામ આપવામાં આવેલ.

આ ઉત્સવ અંતર્ગત તા. ૨૪ એટલે કે બારસથી નગરજનો માટે દિવાળી કાર્નિવલ અંતર્ગત જુદા જુદા કાર્યક્રમો જેવા કે તા.૨૪ના દિવસથી રેસકોર્ષ રીંગ રોડ ફરતે આકર્ષક, ભવ્ય અને રંગબેરંગી રોશનીનો ઝગમગાટ કરવામાં આવેલ. જયારે દિવાળીની પૂર્વ સંધ્યાએ દર વર્ષની જેમ જ ભવ્ય આતશબાજીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અવનવી વેરાયટીના ફટાકડાની ભવ્ય આતશબાજી કરવામાં આવેલ. આતશબાજી દરમ્યાન ડી.જે.ના સૂરતાલ સાથેનું ધમાકેદાર મ્યુઝિક નાગરિકો માટે વિશેષ આકર્ષણ બની રહ્યુ હતું.

દિવાળી કાર્નિવલ દરમ્યાન રેસકોર્ષ રિંગ રોડ પર કિસાનપરા ચોકમાં તથા બહુમાળી ભવન ચોકમાં સુપ્રસિદ્ધ કલાકારો દ્વારા મ્યુઝીકલ શો રજુ કરવામાં આવેલ અને સંગીત તથા શાનદાર મ્યુઝીકલ રોશની સમગ્ર આયોજનને બેનમૂન બનાવ્યુ હતું.

જયારે તા. ૨૪મી એ એટલે કે બારશના દિવસે રેસકોર્ષ રીંગ રોડ ફરતે રેસકોર્ષ મેદાન તરફના નેકલેશ આકારમાં વન–વે રોડમાં ચિત્રનગરી અને મિશન સ્માર્ટ સિટીના સહયોગથી રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં નાની–મોટી અવનવી ડિઝાઈનની કલાત્મક રંગોળીઓ નિહાળવાનો નાગરિકોને લ્હાવો પ્રાપ્ત થયો હતો. આ ઉપરાંત રેસકોર્ષ રિંગ રોડ પર રેસકોર્ષ મેદાનની અંદર જવા આવવા માટેના તમામ દરવાજા પાસે ફૂડ સ્ટોલ અને બાળકોએ રાઈડ્સનો આનંદ પણ આ દિવસોમાં માણ્યો હતો. તેમજ સખી મંડળના બહેનો મારફત રંગોળીના કલર, દીવડા વગેરે વસ્તુનું વેંચાણ થાય તે માટે ખાસ ગ્રામ હટનું આયોજન પણ આ દિવસો દરમ્યાન કરવામાં આવેલ. બાળકો માટે ખાસ કાર્ટુન કેરેક્ટર જેવા કે, છોટા ભીમ, મીકી માઉસ, મોટું – પતલું તથા સ્પાઈડર મેન સહિતના આકર્ષણો પણ ઉભા કરવામાં આવેલ.

માન. મેયર શ્રી બીનાબેન આચાર્યનાં અધ્યક્ષ સ્થાને યોજાયેલ ઉદ્‌ઘાટન સમારોહમાં સાંસાદશ્રી મોહનભાઇ કુંડારીયા, ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઈ મીરાણી, પ્રદેશ ભાજપ અગ્રણી શ્રી નીતિનભાઈ ભારદ્વાજ, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટે. કમિટી ચેરમેન શ્રી ઉદયભાઈ કાનગડ, જીલ્લા કલેકટરશ્રી રેમ્યા મોહન, પોલિસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ, શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગ માંકડ, શાસક પક્ષના નેતા શ્રી દલસુખભાઈ જાગાણી અને શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમાર, ઉપરાંત સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી આશિષ વાગડિયા, લાઈટીંગ કમિટીના ચેરમેન શ્રી મુકેશ રાદડિયા, તથા સમગ્ર આયોજનનું સંકલન કરનાર આરોગ્ય સમિતિ ચેરમેન શ્રી જયમીન ઠાકર તથા ડેપ્યુટી મ્યુનિ. કમિશનરશ્રી એ. આર. સિંહ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહેલ હતા.






# દિવાળીની પૂર્વ સંધ્યાએ આતશબાજી



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૨૬–૧૦–૨૦૧૯ને શનિવારના રોજ સાંજના ૦૭:૦૦ કલાકે માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડીયમ ખાતે રાજ્યના માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયાના વરદ્ હસ્તે ભવ્ય આતશબાજીનો શુભારંભ કરાયો. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા.

દિવાળી કાર્નિવલ–૨૦૧૯ અંતર્ગત તા. ૨૬ એટલે કે, દિવાળીની પૂર્વ સંધ્યાએ ભવ્ય આતશબાજીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અવનવી વેરાયટીના ફટાકડાની ભવ્ય આતશબાજી કરવામાં આવેલ. જેમાં યુદ્ધ વિમાન ''રાફેલ''ની થીમ આધારિત વિશેષ આતશબાજી વિશેષ આકર્ષણ બની હતી. આતશબાજી દરમ્યાન ડી.જે.ના સૂરતાલ સાથેનું ધમાકેદાર મ્યુઝિક નાગરિકોને ભરપુર મનોરજન પુરૂ પાડ્યુ હતું.

આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ગુજરાત મ્યુનિ. ફાઈ. બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી, શહેર ભાજપ પ્રદેશ અગ્રણીશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચા પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણી, ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, અનુસૂચિત જાતિ મોરચા રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, જીલ્લા કલેકટરશ્રી રેમ્યા મોહન, પોલીસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઈ માંકડ, શ્રી જીતુભાઈ કોઠારી, શ્રી કિશોરભાઈ રાઠોડ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમાર, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન શ્રી આશિષભાઈ વાગડિયા, કાર્યક્રમનું સંકલન કરતા આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકર, લાઈટીંગ કમિટી ચેરમેનશ્રી મુકેશભાઈ રાદડિયા તથા કોર્પોરેટર, શહેર સંગઠનના અગ્રણીઓ તેમજ બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે રાજયના માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ નગરજનોને દીપાવલીના તહેવારો પ્રસંગે શુભેચ્છા પાઠવેલ હતી. તેઓએ જણાવેલ કે, દિવાળીની ઉજવણી આતશબાજી દ્વારા કરીને આકાશને પ્રકાશમય બનાવી. દિવાળીના પર્વને પ્રકાશ–ઉજાસ સાથે જોડે છે ત્યારે તમામ પ્રજાજનોનું જીવન ઉજાસમય–પ્રકાશમય બને અને માં લક્ષ્મીની કૃપા તેમના પર વર્ષે તેવી શુભેચ્છા. આતશબાજી દ્વારા લોકો ખાસ કરીને બાળકો, બહેનો ખુબ આનંદ માણે છે ત્યારે આ'ણું રાજકોટ રંગીલું રાજકોટ રણીયામણું રાજકોટ બને તેવી શુભેચ્છા પાઠવેલ.




**રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દિવાળીની પૂર્વ સંધ્યાએ તા.૨૬-૧૦-૨૦૧૯ને શનિવારના રોજ સાંજે ૭ કલાકે માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડીયમ ખાતે રાજયના માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા રાજકોટના માન. સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયાના વરદ્ હસ્તે ભવ્ય આતશબાજી**

આ પ્રસંગે રાજકોટ માન. મેયરશ્રી બિનાબેન આચાર્યએ દિવાળીની શુભેચ્છા પાઠવતા જણાવેલ કે, દિવાળી પર્વની શરૂઆતમાં જ રેસકોર્ષ રીંગ રોડ ફરતે ૮૦૦ થી વધુ રંગોળી બનાવી લોકોએ પર્વને કલરફુલ બનાવી દીધું છે તે બદલ અભિનંદન. આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા સ્ટે. કમિટી ચેરમેન ઉદયભાઈ કાનગડ એ જણાવેલ કે, ૧૯૮૭માં હાલના મુખ્યમંત્રી રાજકોટ મહાનગરપાલિકા ના સ્ટે. કમિટી ચેરમેન હતા ત્યારથી આતશબાજીનું આયોજન શરુ કરાવેલ જે અત્યાર સુધી સતત ચાલુ છે.

આ પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકા ના પદાધિકારીઓ, ભાજપ શહેર સંગઠન તથા અધિકારીઓ દ્વારા માન. મુખ્યમંત્રીશ્રીનું બુકે દ્વારા સ્વાગત કરવામાં આવેલ. જયારે સ્ટેજ ઉપર ઉપસ્થિત મહાનુભાવોનું પુષ્પો તતા ખાદીના રૂમાલ દ્વારા સ્વાગત સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી આશિષનાઈ વાગડિયા, આરોગ્ય સમિતિ ચેરમેન શ્રી જયમીનભાઈ ઠકાર તથા લાઈટીંગ સમિતિ ચેરમેન શ્રી મુકેશભાઈ રાદડિયાએ કરેલ હતું.



**સ્વચ્છ રાજકોટ :**

## ''ડસ્ટ બિન ફ્રી રાજકોટ'' ને હવે કચરાના ન્યુસન્સ પોઈન્ટમાંથી પણ મુક્ત બનશે

સ્વચ્છતાની બાબતમાં સરકારી તંત્ર પોતાની જવાબદારી નિભાવે તેની સાથોસાથ નાગરિકોમાં પણ જાગૃતિ આવે અને જ્યાં ત્યાં કચરો નહી ફેંકવાની ટેવ કેળવાય તેવો ઉમદા



મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ

ધરાવતા ''સ્વચ્છ ભારત'' મિશન અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા એ પણ સતત આ દિશામાં પ્રયાસો જાળવી રાખ્યા છે. સતત ચાલતી રહેતી આ પ્રક્રિયા વધુ ને વધુ પરિણામ લક્ષી બની રહે તેવા આશય સાથે મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે અધિકારીશ્રી ઓની એક બેઠક યોજી હતી. આ બેઠકમાં ''ડસ્ટ બિન ફ્રી રાજકોટ''ને હવે કચરાના ન્યુસન્સ પોઈન્ટમાંથી પણ મુક્ત કરવા વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. કચરાના ન્યુસન્સ પોઈન્ટસનું મોનિટરિંગ અને ગાર્બેજ સેગ્રીગેશન અંગે જનજાગૃતિ માટે આયોજન ગોઠવાયું હતું, જેમાં ત્રણેય ઝોનના નાયબ કમિશનરશ્રીઓને વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે.

આ આયોજન વિષે વાત કરતા મ્યુનિ. કમિશનરશ્રીએ એમ કહ્યું હતું કે, રાજકોટને હવે કચરાના ન્યુસન્સ પોઈન્ટમાંથી પણ મુક્ત કરવા એક આયોજન હાથ ધરવામાં આવ્યું છે. શહેરમાં જ્યાં ક્યાંય પણ કચરાના ન્યુસન્સ પોઈન્ટ રહેલા છે તેને ક્રમશઃ દુર કરવા માટે એવા નજીકમાં રહેતા કે વ્યવસાય ધરાવતા નાગરિકો પૈકી કોઈ એકને ''સ્વચ્છાગ્રાહી'' સ્વયં સેવક નિયુક્ત કરવામાં આવી રહયા છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ ન્યુસન્સ પોઈન્ટસની નિયમિતપણે સફાઈ થાય અને લોકોની ફરિયાદ ના રહે તેની ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. સાથોસાથ મહાનગરપાલિકાએ નિયુક્ત કરેલ સ્વયં સેવક આ ન્યુસન્સ પોઈન્ટસ પર કચરો ફેંકતા લોકોને જાહેરમાં કચરો ફેંકવાને બદલે પોતાને ત્યાં જ કચરો એકઠો કરવા સમજાવશે. આ એકત્ર થયેલ કચરો ટીપર વાન આવીને લઈ જશે. આ ઉપરાંત મહાનગરપાલિકાના ત્રણેય ઝોનના નાયબ કમિશનરશ્રીઓ પોતપોતાના ઝોનમાં નિશ્ચિત સમયાંતરે ફરશે અને ન્યુસન્સ પોઈન્ટસનું રેગ્યુલર મોનિટરિંગ કરશે તેમજ ઝોનમાં ઓવરઓલ સફાઈ કામગીરી ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરશે. તેમજ શહેરમાં જ્યાં જ્યાં કચરા ટોપલીઓ રાખવામાં આવેલી છે તે નિયમિતપણે ખાલી કરી કચરો ગાડીમાં ભરાઈ જાય તેનું વિશેષ ધ્યાન રાખવામાં આવશે.

**''પ્લાસ્ટિક મુક્ત રાજકોટ - સ્વચ્છ રાજકોટ'' :**




## ''ફ્રોમ પ્લાસ્ટિક ટુ નો પ્લાસ્ટિક''

### શ્રમદાનથી એકત્ર થયેલ પ્લાસ્ટિક વેસ્ટમાંથી લખાયો પ્રેરક સંદેશ

દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરેલ સ્વચ્છતા હી સેવા અભિયાનમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકના વપરાશથી રાજકોટ શહેરને મુક્ત બનાવવાના ઉદ્દેશ સાથે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧ અને ૨ ઓક્ટોબરના દિવસોને ''શ્રમ દાન દિવસ'' તરીકે મનાવવામાં આવેલ છે. આ બંને દિવસો ઉપરાંત ગત તા.૧૧-૯-૨૦૧૯થી આજ દિન સુધીમાં એકત્ર કરવામાં આવેલ પ્લાસ્ટિક વેસ્ટમાંથી નાગરિકો સુધી એવો પ્રેરક સંદેશ પહોંચાડવા સ્તુત્ય પ્રયાસ કરવામાં આવ્યો હતો કે, ''નો પ્લાસ્ટિક'' અંતર્ગત પ્લાસ્ટિકનો વપરાશ સ્વૈચ્છિક રીતે જ બંધ કરી પર્યાવરણની સુરક્ષા માટેના પગલાંઓમાં પોતપોતાનું યોગદાન આપીએ. ઉપરાંત ગત તા.૧૧-૯-૨૦૧૯ થી આજ દિન સુધીમાં એકત્ર કરવામાં આવેલ પ્લાસ્ટિક વેસ્ટમાંથી નાગરિકો સુધી એવો પ્રેરક સંદેશ પહોંચાડવા સ્તુત્ય પ્રયાસ કરવામાં આવ્યો હતો કે, ''નો પ્લાસ્ટિક'' અંતર્ગત પ્લાસ્ટિકનો વપરાશ સ્વૈચ્છિક રીતે જ બંધ કરી પર્યાવરણની સુરક્ષા માટેના પગલાંઓમાં પોતપોતાનું યોગદાન આપીએ. છેલ્લા ૨૦ દિવસોમાં કુલ ૨૭ ટન પ્લાસ્ટિક એકત્ર કરવામાં આવ્યું હતું. જેની મોટીમોટી ગાંસડી બનાવવામાં આવી હતી. આ ગાંસડીની મદદથી અંગ્રેજી અક્ષરો 'NO PLASTIC' લખવામાં આવ્યું હતું. આ ઈવેન્ટના માધ્યમથી ''ફ્રોમ પ્લાસ્ટિક ટુ નો પ્લાસ્ટિક'' સંદેશો સમાજને અપાયો હતો. આ પ્રસંગે માન. મેયરશ્રી બીનાબેન આચાર્ય, શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઈ મીરાણી, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રૈયાણી, શાસક પક્ષના નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, કોર્પોરેટર શ્રી અંજનાબેન મોરઝરિયા, શહેર ભાજપ મહામંત્રીશ્રી કિશોરભાઈ રાઠોડ, દેવાંગભાઈ માંકડ, સેનિટેશન કમિટી ચેરમેનશ્રી અશ્વિનભાઈ ભોરણીયા, પૂર્વ ડે. મેયરશ્રી ડૉ. દર્શીતાબેન શાહ, અગ્રણીશ્રી નીતિનભાઈ ભૂત, શ્રી મયુર શાહ, શિક્ષણ સમિતિ વાઈસ ચેરમેનશ્રી અલ્કાબેન કામદાર, શિક્ષણ સમિતિના સભ્યશ્રી કિરણબેન માકડીયા અને શ્રી મુકેશભાઈ મેહતા, નાયબ કમિશનરશ્રીઓ ચેતન ગણાત્રા અને શ્રી ચેતન નંદાણી, પર્યાવરણ ઈજનેરશ્રી એન. આર. પરમાર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહયા હતાં.






**''સ્વચ્છ ભારત - સ્વચ્છ રાજકોટ'' :**

## પ્લોગીંગ રન, પ્રભાત ફેરી તથા તમામ ૧૮ વોર્ડમાં અલગ અલગ થીમ સાથે છાત્રોની રેલી યોજાઈ

રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધી બાપુની ૧૫૦મી જન્મ જયંતીએ આજે તા.૨-૧૦-૨૦૧૯ ના રોજ સમગ્ર રાષ્ટ્ર પૂ. બાપુને ''સ્વચ્છ ભારત''ની અનુપમ ભેટ આપી રહેલ છે ત્યારે રાજકોટ શહેર પણ તેમાં પોતાનું યથોચિત યોગદાન આપી આ મહારાષ્ટ્રીય અભિયાનનો સગર્વ હિસ્સો બની રહ્યું છે. આજે આ રાષ્ટ્રીય અવસરે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં પ્લોગીંગ રન, પ્રભાત ફેરી, શ્રમદાનના આયોજનો કરાયા હતા. જ્યારે ગઈકાલે વિવિધ થીમ સાથે છાત્રોની રેલીના આયોજનો કરી ''સ્વચ્છ રાજકોટ'' અને ''પ્લાસ્ટિક મુક્ત રાજકોટ''ના સંદેશ જનજન સુધી પ્રસરાવવા સ્તુત્ય પ્રયાસો કર્યા હતાં.



આજે સવારે ૭.૦૦ કલાકે રેસકોર્સ, બહુમાળી ભવન ચોક ખાતેથી યોજાયેલ રેલીને માન. મેયર શ્રી બીનાબેન આચાર્ય, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રૈયાણી, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, કોર્પોરેટરશ્રી અંજનાબેન મોરઝરિયા, શહેર ભાજપ મહામંત્રીશ્રી કિશોરભાઈ રાઠોડ, દેવાંગભાઈ માંકડ, સેનિટેશન કમિટીના ચેરમેન શ્રી અશ્વિનભાઈ ભોરણીયા, પૂર્વ ડે. મેયર શ્રી ડૉ. દર્શીતાબેન શાહ, અગ્રણીશ્રી નીતિનભાઈ ભૂત, શ્રી મયુર શાહ, શિક્ષણ સમિતિ વાઈસ ચેરમેનશ્રી અલ્કાબેન કામદાર, શિક્ષણ સમિતિના સભ્યશ્રી કિરણબેન માકડીયા અને શ્રી મુકેશભાઈ મેહતા, નાયબ કમિશનરશ્રી ચેતન ગણાત્રા અને શ્રી ચેતન નંદાણી, પર્યાવરણ ઈજનેરશ્રી એન. આર. પરમાર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહયા હતાં.



આ મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ માં યોજાયેલ આ રેલીઓના માધ્યમથી રાજકોટમાં વિવિધ સંદેશાઓનો પ્રસાર કરવામાં આવ્યો હતો. પ્લોગીંગ રન એક વિશિષ્ટ આયોજન બની રહ્યું હતું, જેમાં આ રનમાં ભાગ લેનારા હજારો લોકો અને છાત્રોએ જોગિંગ કરતા કરતા પ્લાસ્ટિક એકત્ર કર્યું હતું. પ્લોગીંગ રન અને પ્રભાત ફેરીને માન. મેયરશ્રી સહિતના મહાનુભાવોએ પ્રસ્થાન કરાવ્યું હતું. ઉપરાંત ગત તા. ૧૧-૯-૨૦૧૯ થી આજ દિન સુધીમાં એકત્ર કરવામાં આવેલ પ્લાસ્ટિક વેસ્ટમાંથી નાગરિકો સુધી એવો પ્રેરક સંદેશ પહોંચાડવા સ્તુત્ય પ્રયાસ કરવામાં આવ્યો હતો કે, ''નો પ્લાસ્ટિક'' અંતર્ગત પ્લાસ્ટિકનો વપરાશ સ્વૈચ્છિક રીતે જ બંધ કરી પર્યાવરણની સુરક્ષા માટેના પગલાંઓમાં પોતપોતાનું યોગદાન આપીએ. છેલ્લા ૨૦ દિવસોમાં કુલ ૨૭ ટન પ્લાસ્ટિક એકત્ર કરવામાં આવ્યું હતું. જેની મોટીમોટી ગાંસડી બનાવવામાં આવી હતી. આ ગાંસડીની મદદથી અંગ્રેજી અક્ષરો ' NO PLASTIC' લખવામાં આવ્યું હતું. આ ઈવેન્ટના માધ્યમથી ''ફ્રોમ પ્લાસ્ટિક ટુ નો પ્લાસ્ટિક'' સંદેશો સમાજને અપાયો હતો.





# BRTS સેવાઓ વધુ લોકભોગ્ય બનશે :

## R.R.L. સાથે મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલનો પરામર્શ





રાજકોટ મહાનગરપાલિકાની રાજકોટ રાજપથ લિ. દ્વારા સંચાલિત બી.આર.ટી.એસ. સેવા વધુ ને વધુ લોકભોગ્ય અને સરળ બનાવવા મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે તા.૧૦–૧૦–૨૦૧૯ના રોજ જાતે જ બી.આર.ટી.એસ.ની બસમાં મુસાફરી કરી સેવાઓની સમીક્ષા કરી હતી. સાથોસાથ આ પરિવહન સેવાઓ વધુ પીપલ ફ્રેન્ડલી બનાવવા કેટલાક સુચનો પણ કર્યા હતાં.

મ્યુનિ. કમિશનરશ્રીએ આજે બપોરે ૧૨.00 થી ૧૨.30 વાગ્યા દરમ્યાન બિગ બજાર બસ સ્ટોપથી માધાપર ચોક સુધી બી.આર.ટી.એસ. ની બસમાં મુસાફરી કરી હતી. આ દરમ્યાન તેઓએ સમગ્ર સર્વિસ ડિલિવરીનું નિરીક્ષણ કર્યા બાદ આર.આર.એલ.ને કેટલાક સુચનો કર્યા હતાં.

તેમણે અન્ય મુદ્દાઓ વિશે વાત કરતા કહ્યું કે, દરેક બસ સ્ટોપ પર આર.એફ.આઈ.ડી. ડોર મુકાયેલા છે. મેટ્રો સર્વિસની જેમ આ દરવાજા પર જે તે બસ સ્ટોપનું નામ તેમજ ત્યારપછીના બસ સ્ટોપનું નામ લખવામાં આવશે જેથી દરેક મુસાફરને એ ખ્યાલ રહે.

### બીઆરટીએસ બસમાં મુસાફરીનો અનુભવ કરતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

કમિશનરશ્રી ઉદિત અગ્રવાલએ કહ્યું કે, બી.આર.ટી.એસ.ની બસમાં કંડકટર હોતા નથી. આવા સંજોગોમાં ડ્રાઈવરને મુસાફરો સાથે કમ્યુનિકેટ કરવામાં કોઈ મુશ્કેલી ના રહે તે માટે દરેક બસમાં ડ્રાઈવરને માઈકની સુવિધા આપવામાં આવશે. માઈકની મદદથી ડ્રાઈવર મુસાફરોને આવશ્યક માહિતી કે અન્ય સૂચનાઓ આપી શકશે.

મુસાફરી દરમ્યાન ધ્યાનમાં આવેલી અન્ય એક બાબતને ગંભીરતાથી ધ્યાનેમાં લેતા કમિશનરશ્રીએ કહ્યું કે, ૧૫૦ ફૂટ રિંગ રોડ પર શૈક્ષણિક ઝોન પણ વિકસિત થયેલ છે અને વિદ્યાર્થી ભાઈ–બહેનો ઈન્દિરા સર્કલ કે અન્ય ચોકમાં ૧૫૦ ફૂટનો રોડ ઓળંગવા બી.આર.ટી.એસ. ટ્રેક ક્રોસ કરી અવરજવર કરતા દેખાયા છે. ઈલલીગલ ક્રોસિંગની આ ગંભીર બાબત ધ્યાનમાં આવતા છાત્રોની સુરક્ષા સલામતી માટે કોઈ ચોક્કસ વ્યવસ્થા ગોઠવવામાં આવશે, જેથી છાત્રો કોઈપણ પ્રકારના જોખમ વગર રસ્તો ક્રોસ કરી શકે.

આ ઉપરાંત બી.આર.ટી.એસ.ના તમામ બસ સ્ટોપ અને બસમાં જ્યાં ક્યાંય પણ નાનામોટા રિપેરિંગની જરૂરત હોય તે સત્વરે હાથ ધરવામાં આવશે.

કમિશનરશ્રીની મુસાફરી દરમ્યાન નાયબ કમિશનર શ્રી ચેતન નંદાણી અને રાજકોટ રાજપથ લિ.ના જી.એમ. શ્રી જયેશ કુકડીયા સાથે રહ્યા હતા.



# રાજકોટમાં રન ફોર યુનિટી

**તા. ૩૧ મી ઓક્ટોબરના રોજ લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવાના ભાગરૂપે એકતા માટેની દોડ રન ફોર યુનિટીનું જિલ્લા વહિવટી તંત્ર અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આયોજન**

**રાજકોટ ખાતે રન ફોર યુનિટીનો મંત્રીશ્રી જયેશભાઈ રાદડીયાએ પ્રારંભ કરાવ્યો : અંદાજે ૮૫૦૦ જેટલા લોકો જોડાયા**









રાજકોટ તા. ૩૧ ઓકટોબર – તા. ૩૧ મી ઓક્ટોબર ના રોજ લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવાના ભાગરૂપે એકતા માટેની દોડ રન ફોર યુનિટીનું જિલ્લા વહિવટી તંત્ર અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજ્યના અન્ન અને નાગરીક પુરવઠા મંત્રીશ્રી જયેશભાઈ રાદડીયાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી.

રન ફોર યુનીટીને ફલેગ–ઓફ કરાવતા પહેલા મંત્રી શ્રી જયેશભાઈ રાદડીયાએ તથા ઉપસ્થિત તમામ મહાનુભાવોએ સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પમાળા અર્પણ કરવામાં આવી હતી. ત્યાર બાદ સર્વશ્રીઓ દ્વારા દેશની રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા ને જાળવી રાખવા માટે શપથ ગ્રહણ કર્યા હતા. બાદમાં મહાનુભાવોએ રન ફોર યુનીટીને ફ્લેગ–ઓફ કરાવ્યું હતું.

આ રન ફોર યુનીટી ત્રણ કિમીના રેસકોર્ષ રીંગ રોડ પર ફરી હતી. જેમાં ૮૫00 જેટલા લોકો જોડાયા હતા. શહેરની 30 જેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ ઉપરાંત શહેર, અને ગ્રામ્ય પોલીસના જવાનો, હોમ ગાર્ડસના જવાનો, NCCના કેડેટ્સ, NSSના વિદ્યાર્થીઓ, જિલ્લા પંચાયત, મહાનગરપાલિકા, કલેક્ટર કચેરીના અધિકારીઓ, કર્મચારીઓ વિશાળ સંખ્યામાં લોકો પણ રન ફોર યુનીટમાં જોડાયા હતા.

આજના આ રન ફોર યુનીટી કાર્યક્રમમાં માન. મેયર શ્રી બીનાબેન આચાર્ય, સાંસદશ્રી મોહનભાઈ કુંડારીયા, ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ, મ્યુનિસીપલ ફાયનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી, પોલીસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ, કલેક્ટર સુશ્રી રેમ્યા મોહન, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનિલ રાણા– –વાસિયા, જોઈન્ટ પોલીસ કમિશનરશ્રી ખુરશીદ અહેમદ, પોલીસ અધિક્ષકશ્રી બલરામ મીણા, સૌરાષ્ટ્ર ઝોનના નગરપાલીકાના કમિશનરશ્રી સુશ્રી સ્તૃતિ ચારણ, તેમજ મહાનગરપાલીકાની વિવિધ સમિતી અધ્યક્ષશ્રીઓ, નગરસેવકો, અધિકારીઓ, કર્મચારીઓ, સ્વયં– –સેવકો, સહિત શહેરના નાગરીકો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.